# અંગ્રે Grammar




70000 COPIES SOLD

EDITION 2020

ASHISH PATEL


Deepam Foreign Education

Student & PR VISA I IELTS Coaching I SMART Spoken English



ASHISH PATEL

Bilingual - (દ્વિભાષીય)

# અંગ્રેGrammar

**Ashish Patel**

# Mishita Education

અંગ્રેGrammar

Printing Copyright © Reserved by the Author (Ashish Patel)
Publication, Distribution and Promotion rights reserved by the Publisher.

Edition : 2020

**જાહેર ચેતવણી : આ પુસ્તકનાં લખાણનો એટલે કે તેના કોઈપણ મુદ્દાઓની ગોઠવણી તેમજ રજૂ કરવાની શૈલી વગેરેનો કોઈપણ પ્રકારે પ્રકાશક–લેખકની પૂર્વ મંજૂરી વગર ઉપયોગ કરવો નહીં. તેમ કરનાર સામે કાનુની કાર્યવાહી કરવાની ફરજ પડશે.**

# Dedication

This book is dedicated

with love and affection to my daughter (Mishita)

&

to all those people,

who throughout the long past ages,

have contributed to the joys of life

through their inspiration.

## Contents Page


| | |
|---|---|
| 1. Basic words | 10 |
| 2. Am / Is / Are | 11 |
| 3. Was / Were | 11 |
| 4. Have / Has / Had | 12 |
| 5. Do / Does / Did | 13 |
| 6. WH Questions | 16 |
| 7. Tense | 24 |
| 8. Should | 52 |
| 9. Would | 54 |
| 10. Can / Could | 56 |
| 11. Must | 58 |
| 12. Has to / Have to / Had to | 60 |
| 13. May / Might | 63 |
| 14. If | 65 |
| 15. Prepositions | 67 |
| 16. Infinitive | 71 |
| 17. Active voice / Passive voice | 73 |
| 18. Indefinite pronouns | 92 |
| 19. To be able to | 96 |
| 20. To be going to | 98 |
| 21. Either......or | 101 |
| 22. Neither......nor | 102 |
| 23. Direct - Indirect speech | 104 |
| 24. Already / Yet / Still | 136 |
| 25. Articles. (A, An, The) | 138 |
| 26. As if | 142 |
| 27. Causal verb | 143 |
| 28. Connectives | 151 |
| 29. Degree of comparison | 154 |
| 30. Double comparison | 166 |
| 31. Reciprocal pronoun (Each other / One another) | 168 |
| 32. Enough to | 169 |
| 33. Exclamatory sentence | 171 |
| 34. In order that / So that | 173 |
| 35. As soon as / No sooner...than / Hardly...when | 175 |

## Contents Page

36. Not only But also / Both.... And 181
37. Apostrophe 'S' / Of 182
38. Perfect modal auxiliaries 183
39. Relative pronouns 193
40. So / Therefore 195
41. Same ..... as / Such ..... as 197
42. Though / Although / Even though / Even if 199
43. Till / Until 201
44. To be used to 202
45. Used to 204
46. Get used to 205
47. With a view to / In order to 206
48. How many / How much 208
49. Question tag 211
50. Remove or use too .... to 215
51. Reflexive pronoun 218

## 11th & 12th

**1. Frame the question**
-WH Question 16
-How many / How much 208

**2. Do as directed**
-Active voice / Passive voice 73
-Change the tense of the given text (Tense) 24

**3. Direct - Indirect speech** 104

**4. Compound Sentence**
-Connectives 151
-So / Therefore 195

**5. Complex Sentence**
-Relative pronouns 193
-If 65

# Contents Page


-Though / Although / Even though / Even though 199

**Classification of function**

**1. Showing / Expressing result**
-So / Therefore 195
-Remove & use too .... to 215
-Enough to 169

**2. Talking about people / place / thing in relation to something**
- Such as / Same as 197

**3. Making supposition about an action**
- As if 142

**4. Reporting**
-Indirect speech 104

**5. Expressing condition / expressing condition in the past**
-If 65
-Modal perfect auxiliaries 183

**6. Comparing people / place / thing in relation to something**
-Degree of comparison 154

**7. Showing / Expressing contrast**
-Yet / Still 136
-Though / Although / Even though / Even if 199
-But 151

**8. Offering suggestions**
-Should 52

# Contents Page

**9. Expressing choice**
-Would 54

**10. Expressing alternative choice**
-Either or / Neither nor 101

**11. Expressing habitual action in the past**
-Used to 204

**12. Showing purpose**
-With a view to 206
-In order to 206
-So that 173
-In order that 173

**13. Describing a person / a thing**
-Relative pronouns 193

**14. Describing time**
-After / Before 153
-When / While 152
-Till / Until 201
-As soon as / Hardly when / No sooner than 175

# Contents Page

## Self Practice


| | |
|---|---|
| 1. Am / Is / Are | 219 |
| 2. Have / Has / Had | 219 |
| 3. Was / Were | 220 |
| 4. Do / Does / Did | 220 |
| 5. How many / How much | 221 |
| 6. WH Questions | 222 |
| 7. Fill in the blanks (Verb forms) | 222 |
| 8. Function words | 230 |
| 9. Change the text as shown | 235 |
| 10. Join the sentence using conjunction | 238 |
| 11. Complete the sentence using proper functions | 240 |
| 12. Correct the underline parts | 242 |
| 13. Match the expression with the proper function | 243 |
| 14. Similar words | 246 |
| 15. WH Question (New paper style) | 249 |
| 16. Direct - Indirect (Sentences) | 250 |
| 17. Direct - Indirect (Conversation) | 255 |
| 18. Direct - Indirect (Conversation) | 258 |
| 19. Jumbling | 263 |
| 20. Either or / Neither nor | 266 |
| 21. Apostrophe 'S' / Of | 267 |
| 22. Prepositions | 267 |
| 23. If | 269 |
| 24. Unless | 271 |
| 25. Exclamatory sentence | 271 |
| 26. Indefinite pronouns | 272 |
| 27. Question tag | 274 |
| 28. Modal Auxiliary | 275 |
| 29. Who / Whom / Whose / That / Which | 276 |
| 30. So / Therefore | 278 |
| 31. Though / Although / Even though / Even if | 279 |
| 32. To be able to | 280 |
| 33. To be going to | 281 |
| 34. Already / Yet / Still | 282 |
| 35. Used to / To be used to | 283 |

# Contents Page

36. Reciprocal pronoun 284
37. Not only but also 285
38. Both and 285
39. Change the degree (8th, 9th, 10th) 286
40. Active voice / Passive voice 289
41. Modal perfect auxiliaries 292

## 11th & 12th

42. Complete the sentences (Part I) 293
43. Jumbling 295
44. Direct Indirect 298
45. Such as / Same as 303
46. Remove too 304
47. In order to / In order that / With a view to 305
48. Hardly had / As soon as / No sooner did 306
49. Causal verb 307
50. Change the degree 308
51. Frame the question 310
52. Change the tense in the given text 311
53. Join the sentence to make one sentence 314
54. Select the appropriate function 315
55. Complete the sentence 319
56. Respond the sentence 320

## Answer Keys : 325 to 403

# Basic Words

| | |
|---|---|
| I | હું |
| Me | મને |
| Myself | મારી જાતે |

| | |
|---|---|
| We | અમે |
| Us | અમને |

| | |
|---|---|
| He | તે (છોકરો/પુરૂષ) |
| His | તેનું/તેની/તેનો/તેના |
| Him | તેને (ફક્ત તેને) |
| Himself | તેની જાતે |

| | |
|---|---|
| They | તેઓ |
| Their | તેમનો/તેમનું/તેમની/તેમના |
| Them | તેઓને (ફક્ત તેઓને) |
| Themselves | તેમની જાતે |

| | |
|---|---|
| She | તે (છોકરી/સ્ત્રી) |
| Her | તેનું/તેની/તેનો/તેના/તેને |
| Herself | તેની જાતે |

| | |
|---|---|
| Our | આપણે |
| Ours | આપણું/અમારું |
| Ourselves | અમારી જાતે/આપણી જાતે |

| | |
|---|---|
| It | તે (વસ્તુઓ/પ્રાણીઓ) |
| Its | તેનું/તેની/તેનો/તેના/તેને |
| Itself | તેની જાતે |

| | |
|---|---|
| You | તું/તમે |
| yours | તારું/તમારું |
| Yourself | તારી જાતે/તમારી જાતે |

## AM / IS / ARE

***Am / Is / Are*** નો મતલબ 'છે' એવો થાય છે. અલગ અલગ કર્તા સાથે તેનો ઉપયોગ નીચે દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| ***I*** | → | ***am*** |
| ***He*** | → | ***is*** |
| ***She*** | → | ***is*** |
| ***It*** | → | ***is*** |
| ***We*** | → | ***are*** |
| ***You*** | → | ***are*** |
| ***They*** | → | ***are*** |

### *Examples :*

1. I am a boy (હું છોકરો છું.)
2. He is Sunil. (તે સુનિલ છે.)
3. She is Anita. (તે અનીતા છે.)
4. It is a table. (તે ટેબલ છે.)
5. We are happy. (અમે ખુશ છીએ.)
6. You are a girl. (તું છોકરી છે.)
7. They are animals. (તેઓ પ્રાણીઓ છે.)

## WAS / WERE

***Was / Were*** નો મતલબ 'હતો/હતી/હતું' એવો થાય છે. અલગ અલગ કર્તા સાથે તેનો ઉપયોગ નીચે દર્શાવેલ છે.

| | | |
|---|---|---|
| **I** | → | **WAS** |
| **SHE** | → | **WAS** |
| **HE** | → | **WAS** |
| **IT** | → | **WAS** |
| **WE** | → | **WERE** |
| **YOU** | → | **WERE** |
| **THEY** | → | **WERE** |

***Examples :***

1. ***I was there.*** (હું ત્યાં હતો.)
2. ***He was a man.*** (તે માણસ હતો.)
3. ***She was Dhara.*** (તે ધારા હતી.)
4. ***It was a toy.*** (તે રમકડું હતું.)
5. ***We were at home.*** (અમે ઘરે હતા.)
6. ***You were not tall.*** (તું ઉંચો ન હતો.)
7. ***They were children.*** (તેઓ બાળકો હતા.)

## HAVE / HAS / HAD

***Have / Has / Had*** નો મતલબ 'પાસે હોવું' એવો થાય છે. ***Have / Has*** વર્તમાનમાં અને ***Had*** ભૂતકાળમાં વપરાય છે. અલગ અલગ કર્તા સાથે તેનો ઉપયોગ નીચે દર્શાવેલ છે.

| કર્તા | | વર્તમાન | ભૂતકાળ |
|---|---|---|---|
| I | → | Have | Had |
| He | → | Has | Had |
| She | → | Has | Had |
| It | → | Has | Had |
| We | → | Have | Had |
| You | → | Have | Had |
| They | → | Have | Had |

## Examples :

1. *I have a pen. / I had a pen.*
2. *He has a ball. / He had a ball.*
3. *She has a bat. / She had a bat.*
4. *It has a tail. / It had a tail.*
5. *We have food. / We had food.*
6. *You have a computer. / You had a computer.*
7. *They have photos. / They had photos.*

## DO / DOES / DID

***Do / Does / Did*** સહાયક ક્રિયાપદો છે.

સાદા વર્તમાનકાળ અને સાદા ભૂતકાળમાં વાક્યોને નકાર અથવા પ્રશ્નાર્થ બનાવવા માટે વપરાય છે.

| | | |
|---|---|---|
| Do / Does | → | વર્તમાન |
| Did | → | ભૂતકાળ |

અલગ અલગ કર્તા સાથે તેનો ઉપયોગ નીચે દર્શાવેલ છે.

| કર્તા | | વર્તમાન | ભૂતકાળ |
|---|---|---|---|
| *I* | → | *Do* | *Did* |
| *He* | → | *Does* | *Did* |
| *She* | → | *Does* | *Did* |
| *It* | → | *Does* | *Did* |
| *We* | → | *Do* | *Did* |
| *You* | → | *Do* | *Did* |
| *They* | → | *Do* | *Did* |

| | | | |
|---|---|---|---|
| એકવચન (એક જ કર્તા) | → | *Does* | *Did* |
| બહુવચન (બે અથવા બે થી વધારે કર્તા) | → | *Do* | *Did* |

## ઉપયોગની રીત

**પ્રશ્નાર્થ**

***Do/Does/Did*** (જે જરૂરી હોય તે) + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ + અન્ય શબ્દો

**નકાર**

કર્તા + ***Do/Does/Did*** (જે જરૂરી હોય તે) + ***not*** + ક્રિયાપદનું મૂળરૂપ + અન્ય શબ્દો

- યાદ રાખો કે જ્યારે વાક્યમાં ***Do/Does/Did*** નો ઉપયોગ થાય ત્યારે ક્રિયાપદનું મૂળરૂપ જોઈએ.
- નીચે આપેલ ઉદાહરણોમાં તે સરળતાથી સમજી શકાશે.

## ***Examples :***

વર્તમાનકાળના વાક્યો

1. ***He goes to school everyday.*** તે દરરોજ શાળાએ જાય છે.

   ***Does he go to school everyday ?*** (પ્રશ્નાર્થ)
   ***He does not go to school everyday.*** (નકાર) → ***(goes - go)***

2. ***I walk in the garden.*** હું બગીચામાં ચાલુ છું.

   ***Do I walk in the garden ?*** (પ્રશ્નાર્થ)
   ***I do not walk in the garden.*** (નકાર) → ***(walk - walk)***

3. ***We like to eat ice cream.*** અમને આઈસક્રીમ ખાવો ગમે છે.

   ***Do we like to eat ice cream ?*** (પ્રશ્નાર્થ)
   ***We do not like to eat ice cream.*** (નકાર) → ***(like - like)***

4. ***You read English.*** તું અંગ્રેજી વાંચે છે.

   ***Do you read English ?*** (પ્રશ્નાર્થ)
   ***You do not read English.*** (નકાર) → ***(read - read)***

5. ***She listens songs.*** તે ગીતો સાંભળે છે.

   ***Does she listen songs ?*** (પ્રશ્નાર્થ)
   ***She does not listen songs.*** (નકાર) → ***(listen - listen)***

- યાદ રાખો કે જ્યારે વાક્યમાં ***I / We / You / They*** અથવા બહુવચન કર્તા હોય ત્યારે પ્રશ્નાર્થ અને નકાર વાક્યમાં ક્રિયાપદમાં કોઈ ફેરફાર થતો નથી. જે વાક્ય ***No. 2, 3, 4*** માં જોઈ શકાય છે. (ફક્ત વર્તમાનકાળ માટે)

## ભૂતકાળના વાક્યો

1. ***I went to garden yesterday.*** હું ગઈકાલે બગીચામાં ગયો (હતો.)

   ***Did I go to garden yesterday ?*** (પ્રશ્નાર્થ)
   ***I did not go to garden yesterday.*** (નકાર) → ***(went - go)***

2. ***He loved his childern.*** તે તેના બાળકોને પ્રેમ કરતો (હતો.)

   ***Did he love his children ?*** (પ્રશ્નાર્થ)
   ***He did not love his children.*** (નકાર) → ***(loved - love)***

3. ***We played cricket last week.*** અમે છેલ્લા અઠવાડિયે ક્રિકેટ રમ્યા (હતા.)

   ***Did we play cricket last week ?*** (પ્રશ્નાર્થ)
   ***We did not play cricket last week.*** (નકાર) → ***(played - play)***

4. ***You came late.*** તું મોડો આવ્યો (હતો.)

   ***Did you come late ?*** (પ્રશ્નાર્થ)
   ***You did not come late.*** (નકાર) → ***(came - come)***

5. ***They wanted to see film.*** તેઓને ફિલ્મ જોઈ (હતી.)

   ***Did they want to see film ?*** (પ્રશ્નાર્થ)
   ***They did not want to see film.*** (નકાર) → ***(wanted - want)***

# *WH Questions*

***WH Questions*** નો ઉપયોગ પ્રશ્નો પૂછવા માટે થાય છે. નીચે દરેક ***WH Questions*** નો મતલબ આપેલ છે.

| | | |
|---|---|---|
| ***Who ?*** | → | કોણ ? |
| ***When ?*** | → | ક્યારે ? |
| ***Where ?*** | → | ક્યાં ? |
| ***What ?*** | → | શું ? |
| ***Which ?*** | → | કયો/કઈ/કયુ/કયાં ? |
| ***Why ?*** | → | શા માટે ? |
| ***Whom ?*** | → | કોને ? |
| ***Whose ?*** | → | કોનું/કોના/કોની/કોનો ? |
| ***How ?*** | → | કેવી રીતે/કઈ રીતે/કેમનું ? |

## ઉપયોગની રીત

### સાદો વર્તમાનકાળ

- ***Who*** + ***s*** કે ***es*** વાળું ક્રિયાપદ + કર્મ + અન્ય શબ્દો + ?
- ***What/When/Where/Which/Why/Whom*** + ***Do/Does*** + કર્તા + ***To*** વિનાનું ક્રિયાપદ + ?

### ચાલુ વર્તમાનકાળ

- ***Who*** + ***am/is/are*** + ***ing*** વાળું ક્રિયાપદ + કર્મ + અન્ય શબ્દો + ?
- ***What/When/Where/Why/How*** + ***am/is/are*** + કર્તા + ***ing***વાળું ક્રિયાપદ + ?

## પૂર્ણ વર્તમાનકાળ

→ ***Who*** + ***has*** + ***past participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત) + કર્મ + અન્ય શબ્દો + ?

→ ***What/When/Where/Why/How*** + ***have/has*** + કર્તા + ***past participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત) + અન્ય શબ્દો + ?

## સાદો ભૂતકાળ

→ ***Who*** + ***d*** કે ***ed*** વાળું ક્રિયાપદ + કર્મ + અન્ય શબ્દો + ?

→ ***What/When/Where/Which/Why/Whom*** + ***Did*** + કર્તા + ***To*** વિનાનું ક્રિયાપદ + ?

## ચાલુ ભૂતકાળ

→ ***Who*** + ***was/were*** + ***ing***વાળું ક્રિયાપદ + કર્મ + અન્ય શબ્દો + ?

→ ***What/When/Where/Why/How*** + ***was/were*** + કર્તા + ***ing***વાળું ક્રિયાપદ + અન્ય શબ્દો + ?

## પૂર્ણ ભૂતકાળ

→ ***Who*** + ***had*** + ***past participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત) + કર્મ + અન્ય શબ્દો + ?

→ ***What/When/Where/Why/How*** + ***had*** + કર્તા + ***past participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત) + અન્ય શબ્દો + ?

## સાદો ભવિષ્યકાળ

→ ***Who*** + ***will*** + ક્રિયાપદનું મૂળરૂપ + કર્મ + અન્ય શબ્દો + ?

→ ***What/When/Where/Why/How*** + ***will/shall*** + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ + અન્ય શબ્દો + ?

***Examples :***

## સાદો વર્તમાનકાળ

1. ***Sunil saves trees.***
   ***Who saves trees ?***(વૃક્ષો કોણ બચાવે છે ?)(***s, es*** વાળું ક્રિયાપદ)

2. ***I like ice cream.***
   ***What do you like ?***(તમને શું ગમે છે ?)(***do*** + કર્તા + ક્રિયાપદ)

3. ***She learns in evening.***
   ***When does she learn ?*** (તે ક્યારે ભણે છે ?)(***does*** + કર્તા + ક્રિયાપદ)

4. ***He lives in Ahmedabad.***
   ***Where does he live ?***(તે ક્યાં રહે છે ?)

5. ***They read books.***
   ***Why do they read books ?*** (તેઓ પુસ્તકો કેમ વાંચે છે ?)
   (***do*** + કર્તા + ક્રિયાપદ)

## ચાલુ વર્તમાનકાળ

1. ***Shweta is reading a book.***
   ***Who is reading a book ?*** (પુસ્તક કોણ વાંચી રહ્યું છે ?)
   (***is*** + ***ing*** વાળું ક્રિયાપદ)
2. ***He is reading a novel.***
   ***What is he doing ?*** (તે શું કરી રહ્યો છે ?)
   (***is*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

3. ***You are working in Ahmedabad.***
   ***Where are you working ?*** (તમે ક્યાં કામ કરી રહ્યા છો ?)
   (***Are*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

4. ***You are asking to know the fact.***

***Why are you asking ?*** (તું કેમ પૂછી રહ્યો છે ?)

(***Are*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

5. ***Your friends are coming soon.***

***When are your friends coming ?***(તમારા મિત્રો ક્યારે આવી રહ્યા છે ?)

(***Are*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

6. ***They are reading loudly.***

***How are they reading ?*** (તેઓ કઈ રીતે વાંચી રહ્યા છે ?)

(***Are*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

## પૂર્ણ વર્તમાનકાળ

1. ***Suresh has come today.***

***Who has come today ?*** (આજે કોણ આવ્યુ છે ?)

(***Has*** + ***Past Participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત)

2. ***You have done bad work.***

***What have you done ?*** (તે શું કર્યું છે ?)

(***Have*** + ***Past Participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત)

3. ***She has gone to Baroda.***

***Where has she gone ?*** (તે ક્યાં ગઈ છે ?)

(***Has*** + ***Past Participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત)

4. ***Ramesh has put my book to read.***

***Why has Ramesh put my book ?*** (રમેશે મારૂં પુસ્તક કેમ મૂક્યું છે ?)

(***Has*** + ***Past Participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત)

5. ***They have played wonderfully today.***

***How have they played today ?*** (તેઓ આજે કેવી રીતે રમ્યા છે ?)

(***Have*** + ***Past Participle*** (ક્રિયાપદનું પૂર્ણરૂપ/ભૂતકૃદંત)

## સાદો ભૂતકાળ

***1. Manish called me yesterday.***

***Who called you yesterday ?*** (તમને કાલે કોણે બોલાવ્યા હતા ?)

(***called*** - ***d, ed*** વાળું ક્રિયાપદ

***2. You made project last week.***

***What did you do last week ?*** (તમે છેલ્લા અઠવાડિયે શું કર્યુ હતું. ?)

(***did*** + કર્તા + ક્રિયાપદ ***do***)

***3. They came back from Ahmedabad yesterday.***

***When did they come back from Ahmedabad ?***

તેઓ અમદાવાદથી ક્યારે પાછા આવ્યા હતા ?

***(did*** + કર્તા + ક્રિયાપદ ***Come)***

***4. We played cricket on the ground.***

***Where did we play ?*** અમે ક્યાં રમ્યા હતા ?

(***did*** + કર્તા + ક્રિયાપદ ***Play***)

***5. She failed in exam because she was ill.***

***Why did she fail in exam ?*** તે પરીક્ષામાં કેમ નાપાસ થઈ હતી ?

(***did*** + કર્તા + ક્રિયાપદ ***Fail***)

***6. Anil went there by bus.***

***How did Anil go there ?*** અનિલ ત્યાં કઈ રીતે ગયો હતો ?

(***did*** + કર્તા + ક્રિયાપદ ***Go***)

## ચાલુ ભૂતકાળ

***1. Niral was coming at that time.***

***Who was coming at that time ?*** (તે સમયે કોણ આવી રહ્યું હતું ?)

(***was*** + ***ing*** વાળું ક્રિયાપદ)

2. ***You were reading magazine.***

***What were you reading ?*** (તું શું વાંચી રહ્યો હતો ?)

(***were*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

3. ***Your friend was going to Bombay.***

***Where was your friend going ?***

(તારો મિત્ર ક્યાં જઈ રહ્યો હતો ?)

(***was*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

4. ***Neha was crying because she wanted a toy.***

***Why was Neha crying ?*** (નેહા કેમ રડતી હતી ?)

(***was*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

5. ***Sunil was driving in the evening.***

***When was Sunil driving ?***

(સુનિલ ક્યારે ડ્રાઈવ કરી રહ્યો હતો ?)

(***was*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

6. ***They were flying the kites wonderfully.***

***How were they flying the kites ?***

(તેઓ પતંગ કેવી રીતે ઉડાડી રહ્યા હતા ?)

(***were*** + કર્તા + ***ing*** વાળું ક્રિયાપદ)

## પૂર્ણ ભૂતકાળ

1. ***Students had completed homework.***

***Who had completed homework ?***

(ઘરકામ કોણે પૂરું કરી લીધું હતુ ?)

2. ***Sunil had got good marks.***

***What had Sunil got ?*** (સુનિલે શું મેળવ્યું હતું ?)

3. ***Anita had gone to garden.***

***Where had Anita gone ?*** (અનિતા ક્યાં ગઈ હતી ?)

4. ***We had got bad result because we did not work hard.***
   ***Why had we got bad result ?***
   (આપણે ખરાબ પરિણામ કેમ મળવ્યું હતુ ?)

5. ***They had done it beautifully.***
   ***How had they done it ?*** (તેમણે તે કેવી રીતે કર્યું હતું ?)

6. ***Amit had seen that cap in morning.***
   ***When had Amit seen that cap ?***
   (અમિતે તે ટોપી ક્યારે જોઈ હતી ?)

## સાદો ભવિષ્યકાળ

1. ***Rahul will come tomorrow.***
   ***Who will come tomorrow ?*** (આવતીકાલે કોણ આવશે ?)
   (***will*** + ક્રિયાપદનું મૂળરૂપ)

2. ***We shall collect more books to finish this work.***
   ***What shall we collect to finish this work ?***
   (આપણે આ કામ પૂરું કરવા શું ભેગું કરવું પડશે ?)

3. ***They will become honest some day.***
   ***When will they become honest ?***
   (તેઓ ક્યારે પ્રમાણિક બનશે ?)
   (***will*** + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ)

4. ***Kishan will go to school.***
   ***Where will Kishan go ?*** (કિશન ક્યાં જશે ?)
   (***will*** + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ)

5. ***You will write this essay because it is easy.***
   ***Why will you write this essay ?***
   (તમે આ નિબંધ કેમ લખશો ?)
   (***will*** + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ)

6. ***I shall complete this form by giving details.***
   ***How shall I complete this form ?***
   (હું આ ફોર્મ કેવી રીતે પુરું કરીશ ?)
   (***will*** + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ)

## *Simple Present Tense* / સાદો વર્તમાનકાળ

### ક્યારે ઉપયોગ થાય ?

→ રોજની ટેવ બતાવવા અથવા રોજ થતી ક્રિયાઓ માટે.

→ સનાતન સત્ય અને વિજ્ઞાનના નિયમો દર્શાવવા.

→ કહેવતો દર્શાવવા માટે.

### સાદો વર્તમાનકાળ સૂચવતા શબ્દો.

***Always, Daily, Everyday, Each week, Each month***
***Each night, Sometimes, Often.***

### સાદો વર્તમાનકાળ કઈ રીતે બને

***I / We / You / They /*** બહુવચન કર્તા (બે કે વધારે કર્તા) + ક્રિયાપદનું ***To*** વિનાનું રૂપ (***play / go***) + અન્ય શબ્દો

***OR***

***He / She / It /*** એકવચન કર્તા (એક જ કર્તા) + ક્રિયાપદનું ***s / es*** વાળુ રૂપ (***plays / goes***) + અન્ય શબ્દો

***OR***

***I / We / You / They / He / She / It*** + ***Am / Is / Are*** +અન્ય શબ્દો

મતલબ કે જો તમારા વાક્ય નો કર્તા ***he/she/it*** હોય તો ક્રિયાપદ ***s*** કે ***es*** લગાવો પણ જો કર્તા ***he/she/it*** ના હોય તો ક્રિયાપદનું મૂળરૂપ મૂકો.

→ ઘણીવાર વાક્યમાં ક્રિયાપદની જરૂર પડતી નથી. જેમ કે,

- ***I am a boy.***
- ***She is clever.***
- ***He is a tall person.***
- ***We are happy.***
- ***They are fat.***

ઉપરના વાક્યોમાં કોઈ ક્રિયાપદ નથી જેવું કે ખાવું, પીવું, જોવું, ચાલવું વગેરે તેથી કર્તા પછી સીધો ***Am/Is/Are*** નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

→ યાદ રાખો કે :

***He*** ⟶ મતલબ કોઈ છોકરાનું કે પુરૂષનું નામ (***Suresh***)

***She*** ⟶ મતલબ કોઈ છોકરી કે સ્ત્રીનું નામ (***Neha***)

***It*** ⟶ મતલબ કે કોઈ નિર્જીવ વસ્તુ અથવા પ્રાણીનું નામ. (***a table / a dog***)

## ***Examples :***

1. ***Sunil teaches us English.***
   વાક્યનો કર્તા ***Sunil*** છે એટલે ક્રિયાપદનું ***es*** વાળું રૂપ (***Teaches***)

2. ***Ankit knows four languages.***
   વાક્યનો કર્તા ***Ankit*** છે એટલે ક્રિયાપદનું ***s*** વાળું રૂપ (***Knows***)

3. ***The sun rises in the east.***
   વાક્યનો કર્તા ***The sun*** છે એટલે ક્રિયાપદનું ***s*** વાળું રૂપ (***rises***)

**4. We drink milk everyday.**

વાક્યનો કર્તા ***We*** છે એટલે ક્રિયાપદનું મૂળરૂપ (***drink***)

**5. You always come late.**

વાક્યનો કર્તા ***You*** છે એટલે ક્રિયાપદનું મૂળરૂપ (***come***)

**6. She is a tall girl.**

આ વાક્યમાં કર્તા પછી કોઈ ક્રિયાપદ નથી એટલે ***is*** નો ઉપયોગ થાય.

**7. Mamta is beautiful.**

આ વાક્યમાં કર્તા પછી કોઈ ક્રિયાપદ નથી એટલે ***is*** નો ઉપયોગ થાય.

**8. We are healthy.**

આ વાક્યમાં કર્તા પછી કોઈ ક્રિયાપદ નથી એટલે ***are*** નો ઉપયોગ થાય.

**9. This lion eats vegetable.**

વાક્યનો કર્તા ***This lion*** છે એટલે ક્રિયાપદનું ***s*** વાળું રૂપ (***eats***)

**10. Raju and Sanju sing film songs.**

વાક્યમાં બે કર્તા (***Raju and Sanju***) છે એટલે ક્રિયાપદનું મૂળરૂપ (***sing***)

## *Present Continuous Tense*/ચાલુ વર્તમાનકાળ

ક્યારે ઉપયોગ થાય ?

- હાલ (સમયમાં) ચાલી રહેલી ક્રિયાઓ માટે.
- નજીકના ભવિષ્યમાં થનાર ક્રિયાઓ માટે (જે નક્કી જ હોય).
- જ્યારે આપણે ગુજરાતીમાં વાક્યના અંતે રહ્યો છે, રહી છે, રહ્યુ છે અથવા રહ્યા છે, એવું બોલીએ ત્યારે આ કાળનો ઉપયોગ થાય.

ચાલુ વર્તમાનકાળ સૂચવતા શબ્દો.

***Now, Listen, See, Watch, Look, Hear, Run, At present.***

## ચાલુ વર્તમાનકાળ કઈ રીતે બને ?

***I / We / You / They /*** બહુવચન કર્તા (બે કે વધારે કર્તા) + ***are*** + ક્રિયાપદનું ***ing*** વાળુ રૂપ (***playing / going***) + અન્ય શબ્દો.

***OR***

***He / She / It /*** એકવચન કર્તા (એક જ કર્તા) + ***is*** + ક્રિયાપદનું ***ing*** વાળુ રૂપ (***playing / going***) + અન્ય શબ્દો

| | | |
|---|---|---|
| ***I*** | ***am*** | ***ing*** ક્રિયાપદ ***(reading)*** |
| ***He*** | ***is*** | ***ing*** ક્રિયાપદ ***(eating)*** |
| ***She*** | ***is*** | ***ing*** ક્રિયાપદ ***(watching)*** |
| ***It*** | ***is*** | ***ing*** ક્રિયાપદ ***(going)*** |
| ***We*** | ***are*** | ***ing*** ક્રિયાપદ ***(riding)*** |
| ***You*** | ***are*** | ***ing*** ક્રિયાપદ ***(driving)*** |
| ***They*** | ***are*** | ***ing*** ક્રિયાપદ ***(singing)*** |
| એકવચન કર્તા | ***is*** | ***ing*** ક્રિયાપદ ***(working)*** |
| બહુવચન કર્તા | ***are*** | ***ing*** ક્રિયાપદ ***(coming)*** |

## ***Examples :***

***1. He is teaching English now.*** (તે અત્યારે અંગ્રેજી ભણાવી રહ્યો છે.)
કર્તા ***He*** છે એટલે ***is*** અને ***teach + ing.***

***2. Run, the bus is coming.*** (દોડો, બસ આવી રહી છે.)
કર્તા ***the bus*** છે એટલે ***is*** અને ***come + ing.*** (***ing*** લગાવો એટલે ***come*** માંથી ***e*** નીકળી જાય.)

3. ***See, birds are flying.*** (જુઓ, પક્ષીઓ ઉડી રહ્યા છે.)
   કર્તા ***birds*** છે એટલે ***are*** અને ***fly + ing.***

4. ***I am going to school.*** (હું શાળાએ જઈ રહ્યો છું.)
   કર્તા ***I*** છે એટલે ***am*** અને ***go + ing.***

5. ***They are playing cricket.*** (તેઓ ક્રિકેટ રમી રહ્યા છે.)
   કર્તા ***They*** છે એટલે ***are*** અને ***play + ing.***

6. ***We are reading books.*** (અમે પુસ્તકો વાંચી રહ્યા છીએ.)
   કર્તા ***We*** છે એટલે ***are*** અને ***read + ing.***

7. ***We are visiting Baroda next week.***
   (અમે આવતા અઠવાડિયે બરોડાની મુલાકાત લઈ રહ્યા છીએ.)
   કર્તા ***We*** છે એટલે ***are*** અને ***visit + ing.***

8. ***Anita and Ankit are marrying next month.***
   (અનિતા અને અંકિત આવતા મહિને લગ્ન કરી રહ્યા છે.)
   કર્તા ***Anita and Ankit*** છે (બહુવચન) એટલે ***are*** અને ***marry + ing.***
   (આ પરિસ્થિતીમાં અનીતા અને અંકિતના લગ્ન નક્કી છે. એટલે ચાલુવર્તમાનકાળ નો ઉપયોગ કરી શકાય.)

9. ***I am laughing now.*** (હું અત્યારે હસી રહ્યો છું.)
   કર્તા ***I*** છે એટલે ***am*** અને ***laugh + ing.***

10. ***Some girls are washing clothes.***
(કેટલીક છોકરીઓ કપડાં ધોઈ રહી છે.)
કર્તા ***Some girls*** છે એટલે ***are*** અને ***wash + ing.***

# *Present Perfect Tense* / પૂર્ણ વર્તમાનકાળ

## ક્યારે ઉપયોગ થાય ?

→ થોડા સમય પહેલા પૂરી થઈ ગયેલી ક્રિયાઓ માટે.

- મે હમણાં જ વાંચી લીધું છે.
- તેણે ચા પી લીધી છે.

→ અમુક પ્રશ્નો પૂછવા જેવા કે,

- શું તમે તે ફિલ્મ જોઈ ?
- તમે આ સરનામું જોયું છે ?
- તમે તાજમહલ જોયો છે ?

→ યાદ રાખો કે પૂર્ણ વર્તમાનકાળમાં "છે" નો ઉપયોગ થાય છે. ઉપરના તમામ વાક્યોમાં તે જોઈ શકાય છે. જો વાક્યમાં હતો, હતી, હતું કે હતા એવું વપરાય તો તે ભૂતકાળ બની જાય છે.

## પૂર્ણ વર્તમાનકાળ સૂચવતાં શબ્દો

***Yet, Ever, Never, Just, Already.***

→ ***Yet*** (હજુ સુધી) નકાર અને પ્રશ્નાર્થ વાક્યોમાં વપરાય છે. જેમ કે,

- ***I have not received invitation yet.***
- ***My father has not returned from the office yet.***

→ ***Ever*** નો ઉપયોગ પ્રશ્નો પૂછવા માટે થાય છે. જેમ કે,

- ***Have you ever visited the Taj Mahal ?***
- ***Has she ever tasted Gujarati dish ?***

→ ***Never*** નો ઉપયોગ જવાબ આપવા માટે થાય છે. જેમ કે,

- ***I have never visited the Taj Mahal.***
- ***She has never tasted Gujarati dish.***

## પૂર્ણ વર્તમાનકાળ કઈ રીતે બને.

***I / We / You / They /*** બહુવચન કર્તા (બે કે વધારે કર્તા) + ***Have*** + ક્રિયાપદનું ભૂતકૃદંત (***played / gone***) + અન્ય શબ્દો.

***OR***

***He / She / It /*** એકવચન કર્તા (એક જ કર્તા) + ***has*** + ક્રિયાપદનું ભૂતકૃદંત (***played / gone***) + અન્ય શબ્દો.

| | | |
|---|---|---|
| ***I*** | ***have*** | ભૂતકૃદંત (***read***) |
| ***He*** | ***has*** | ભૂતકૃદંત (***eaten***) |
| ***She*** | ***has*** | ભૂતકૃદંત (***watched***) |
| ***It*** | ***has*** | ભૂતકૃદંત (***done***) |
| ***We*** | ***have*** | ભૂતકૃદંત (***gone***) |
| ***You*** | ***have*** | ભૂતકૃદંત (***driven***) |
| ***They*** | ***have*** | ભૂતકૃદંત (***sung***) |
| એકવચન કર્તા | ***has*** | ભૂતકૃદંત (***worked***) |
| બહુવચન કર્તા | ***have*** | ભૂતકૃદંત (***come***) |

## ***Examples :***

***1. The postman has brought letters for you.***

કર્તા ***The postman*** છે એટલે ***has*** અને ***bring*** નું ભૂતકૃદંત ***brought.***

***2. I have just finished my homework.*** (મે હમણાં જ મારૂ ઘરકામ પુરૂ કર્યુ છે.)

કર્તા ***I*** છે એટલે ***have*** અને ***finish*** નું ભૂતકૃદંત ***finished.***

***3. She has not bought apples yet.*** (તેણે હજુ સફરજન ખરીદ્યા નથી.)

કર્તા ***She*** છે એટલે ***has*** અને ***buy*** નું ભૂતકૃદંત ***bought.***

***4. He has already read three magazines.***

કર્તા ***he*** છે એટલે ***has*** અને ***read*** નું ભૂતકૃદંત ***read.***

***5. They have played very well.*** (તેઓ સારૂં રમ્યા છે.)

કર્તા ***They*** છે એટલે ***have*** અને ***play*** નું ભૂતકૃદંત ***played.***

***6. We have seen the Taj Mahal.***(અમે તાજ મહલ જોયો છે.)

કર્તા ***We*** છે એટલે ***have*** અને ***see*** નું ભૂતકૃદંત ***seen.***

***7. You have brought books with you.***

કર્તા ***You*** છે એટલે ***have*** અને ***bring*** નું ભૂતકૃદંત ***brought.***

***8. I have not completed work yet.*** (મેં મારૂં કામ હજુ પૂરૂ કર્યું નથી.)

કર્તા ***I*** છે એટલે ***have*** અને ***complete*** નું ભૂતકૃદંત ***completed.***

***9. Hardik has gone to the market.*** (હાર્દિક બજાર ગયો છે.)

કર્તા ***Hardik*** છે એટલે ***has*** અને ***go*** નું ભૂતકૃદંત ***gone.***

***10. Dhara has told stories.*** (ધારાએ વાર્તાઓ કહી છે.)

કર્તા ***Dhara*** છે એટલે ***has*** અને ***tell*** નું ભૂતકૃદંત ***told.***

# Present Perfect Continuous Tense
# ચાલુ પૂર્ણ વર્તમાનકાળ

## ➝ક્યારે ઉપયોગ થાય ?

➞ જે ક્રિયાઓ ભૂતકાળમાં શરૂ થઈ અને હજુ સુધી પૂરી થઈ નથી તેવી ક્રિયાઓ માટે. જેમ કે,

- સુનિલ છેલ્લા ચાર વર્ષથી ભણી રહ્યો છે. (એટલે કે સુનિલે ચાર વર્ષ પહેલા ભણવાનું શરૂ કર્યું હતુ અને હજુ સુધી પુરૂં કર્યું નથી.
- અનિતા બે કલાકથી વાંચી રહી છે. (એટલે કે અનિતાએ બે કલાક પહેલા વાંચવાનું શરૂ કર્યું અને હજી પણ વાંચી રહી છે.)

➞ યાદ રાખો કે થતું હતું અને થાય છે અથવા હતું અને છે, એમ દર્શાવવું હોય તો આ કાળનો ઉપયોગ કરવો પડે છે.

➞ આ કાળમાં સમય બતાવવો પડે છે જેના માટે ***Since, For*** નો ઉપયોગ થાય છે.

### Since

જ્યારે તમે સમયને લઈ ચોક્કસ હોવ ત્યારે નો ઉપયોગ થાય. એટલે કે ચોક્કસ સમય, દિવસ, મહિનો, વર્ષ અને તારીખ જેમ કે,

***Since 1998, since last night, since 1st August, since December, since last Monday.***

### For

જ્યારે તમે સમયને લઈ ચોક્કસ ના હોવ ત્યારે ***For*** નો ઉપયોગ થાય મતલબ કે આશરે કહેવું હોય. જેમ કે,

***For the last one night, for the last two months, for the last one month, for the last three days.***

## ચાલુ પૂર્ણ વર્તમાનકાળ કઈ રીતે બને

***I / We / You / They /*** બહુવચન કર્તા (બે કે વધારે કર્તા) + ***have*** + ***been*** + ***ing*** ક્રિયાપદ (***playing / going***) + ***Since / For*** + અન્ય શબ્દો.

***OR***

***He / She / It /*** એકવચન કર્તા (એક જ કર્તા) + ***has*** + ***been*** + ***ing*** ક્રિયાપદ (***playing / going***) + ***Since / For*** + અન્ય શબ્દો.

***OR***

***I / We / You / They /*** બહુવચન કર્તા (બે કે વધારે કર્તા) ***/*** ***He / She / It /*** એકવચન કર્તા (એક જ કર્તા) + ***has/have*** + ***been*** + ***Since / For*** + અન્ય શબ્દો.

→ ઘણીવાર આ કાળમાં ક્રિયાપદની જરૂર પડતી નથી તેથી ing ક્રિયાપદ મૂકવું પડતું નથી. જેમ કે,

- ***He has been ill since last Sunday.***
  (તે છેલ્લા રવિવારથી માંદો છે.)
- ***They have been here for the last one hour.***
  (તેઓ અહીયા છેલ્લા એક કલાકથી (બેઠા) છે.)
- ***They have been famous since 2010.***
  (તેઓ ૨૦૧૦ થી પ્રખ્યાત છે.)

ઉપરના વાક્યોમાં ક્રિયાપદની જરૂર નથી એટલે ***ing*** ક્રિયાપદ પણ મૂક્યુ નથી.

| | | | |
|---|---|---|---|
| *I* | *have* | *been* | *ing* ક્રિયાપદ *(reading)* |
| *He* | *has* | *been* | *ing* ક્રિયાપદ *(eating)* |
| *She* | *has* | *been* | *ing* ક્રિયાપદ *(watching)* |
| *It* | *has* | *been* | *ing* ક્રિયાપદ *(going)* |
| *We* | *have* | *been* | *ing* ક્રિયાપદ *(riding)* |
| *You* | *have* | *been* | *ing* ક્રિયાપદ *(driving)* |
| *They* | *have* | *been* | *ing* ક્રિયાપદ *(singing)* |
| એકવચન કર્તા | *has* | *been* | *ing* ક્રિયાપદ *(working)* |
| બહુવચન કર્તા | *have* | *been* | *ing* ક્રિયાપદ *(coming)* |

## *Examples :*

***1. I have been living in Ahmedabad since 1998.***

(હું અમદાવાદમાં ૧૯૯૮ થી રહું છું.)

કર્તા ***I*** છે એટલે ***have*** + ***been*** અને ***live*** નું ***ing*** ક્રિયાપદ ***living.***

***2. She has been reading for the last two weeks.***

(તે છેલ્લા બે અઠવાડિયાથી વાંચી રહી છે.)

કર્તા ***She*** છે એટલે ***has*** + ***been*** અને ***read*** નું ***ing*** ક્રિયાપદ ***reading.***

***3. He has been going since last Monday.***

(તે છેલ્લા સોમવારથી જઈ રહ્યો છે.)

કર્તા ***he*** છે એટલે ***has*** + ***been*** અને ***go*** નું ***ing*** ક્રિયાપદ ***going.***

***4. We have been seeing this lion for the last one hour.***

(અમે છેલ્લા એક કલાકથી આ સિંહને જોઈ રહ્યા છીએ.)

કર્તા ***We*** છે એટલે ***have*** + ***been*** અને ***see*** નું ***ing*** ક્રિયાપદ ***seeing.***